**Bhakta Kavi Narsinh Mehta University**
Govt. Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road, Khadiya, Junagadh, Gujarat (India)-362 263
Ph.(0)0285-2681400 / Fax : 0285-2681503
**Website :** http://www.bknmu.edu.in **Email :** cebknmu@gmail.com

**પરીપત્ર**

**વિષય : યુ.જી. સેમ.-૩ ની પ્રેકટીકલ/પ્રોજેકટ/વાઇવાની પરીક્ષાનું આયોજન કોલેજ કક્ષાએથી કરવા બાબત.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ તેમજ વિદ્યાર્થી ભાઇઓ તેમજ બહેનોને જણાવવાનું કે, આગામી સમયમાં યોજાનાર યુ.જી. સેમ.-૧, ૩ અને ૫ તેમજ પી.જી. સેમ.-૧ અને ૩ ની પરીક્ષાના આગોતરા આયોજનના ભાગ રૂપે યુ.જી. સેમ.-૩ ની વિવિધ વિદ્યાશાખાઓમાં પ્રેકટીકલ/પ્રોજેકટ/વાઇવાની પરીક્ષાનું આયોજન કોલેજ કક્ષાએથી જે-તે વિષયના યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપક દ્વારા કરવાનું રહેશે. કોલેજ દ્વારા **યુ.જી. સેમ.-૩** ની **પ્રેકટીકલ/પ્રોજેકટ/વાઇવા**ની પરીક્ષાનું આયોજન **તા.૧૩/૦૯/૨૦૨૧ થી તા.૧૪/૧૦/૨૦૨૧** દરમ્યાન **ઓફલાઇન માધ્યમ** દ્વારા કરવાનું રહેશે તેમજ હાજર/ગેરહાજર રીપોર્ટમાં વિદ્યાર્થીઓની સહી સાથેનો રીપોર્ટ કોલેજે પોતાની પાસે રેકોર્ડમાં સાચવીને રાખવાં જરૂર પડયે યુનિવર્સિટી દ્વારા મંગાવવામાં આવે તો રજુ કરવાનાં રહેશે. કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને પ્રેકટીકલ/પ્રોજેકટ/વાઇવાની તારીખ અંગેની જાણ કરવાની રહેશે.

અત્રેની યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ દ્વારા જ્યારે ઇન્ટર્નલ (થીયરી તેમજ પ્રાયોગીક) પરીક્ષાની ઓનલાઇન માર્કસ એન્ટ્રી અંગેનો પરીપત્ર કરવામાં આવે ત્યારબાદ તમામ કોલેજોએ ઓનલાઇન માર્કસની એન્ટ્રી કરવાની રહેશે.

**ખાસનોંધ:-** **ઉપરોક્ત કામગીરી માટે નોવેલ કોરોના વાઇરસ કોવીડ-૧૯ અંગે રાજ્ય તેમજ કેન્દ્ર સરકારશ્રીઓ દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓએ માસ્ક પહેરી (ફેસ કવર) તેમજ સામાજિક અંતર જાળવી ઉપરોક્ત કામગીરી કરવાની રહેશે.**

**પરીક્ષા નિયામક**

નં :- બીકેએનએમયુ/પરીક્ષા/૧૫૮૧/૨૦૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જુનાગઢ-૩૬૨૨૬૩
તા. ૦૯/૦૯/૨૦૨૧
**પ્રતિ,**
અત્રેની યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ તથા વિદ્યાર્થી ભાઇઓ તેમજ બહેનો તરફ...
**નકલ સવિનય રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે.)